Declaration

# 12

## Statement of original work

૧. "અર્વાચીન ગુજરાતી કવિતામાં રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રતિબિંબ", ઇ.સ.૧૮૪૫-૧૯૪૭, એ વિષય ઉપરનો આ પ્રકારનો અભ્યાસ અહીં પહેલીવાર કરવામાં આવ્યો છે. ગુજરાતી કવિતાનો આ રીતનો સળંગ અભ્યાસ પૂર્વે થયેલો નથી.

<u>નોંધ</u>: અર્વાચીન ગુજરાતી કવિતાનો મહાન વિવેચનગ્રંથ "અર્વાચીન કવિતા" લખતી વેળાએ એના લેખક શ્રી.સુન્દરમ્ પાસે ગુજરાત વિદ્યાસભા તથા ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયોનાં પુસ્તકો મુખ્યત્વે સુલભ હતાં. એ સમયે મુંબઇમાં રહેલો કોપીરાઇટ સંગ્રહ જોવાની તક એમને નહોતી મળી. પ્રસ્તુત મહાનિબંધનાં કેટલાંક પ્રકરણોમા "અર્વાચીન કવિતા"માં ન નોંધાયેલી કેટલીક કૃતિઓના પહેલીવાર ઉલ્લેખો થયેલા છે. એ મુખ્યત્વે ગુજરાત વિદ્યાપીઠના કોપીરાઇટ સંગ્રહાલયમાંથી પ્રાપ્ત થયેલી કૃતિઓ છે. આ મહાનિબંધમાં પહેલીવાર ઉલ્લેખાયેલી-ચર્ચાયેલી કેટલીક કૃતિઓની નોંધ નીચે કરેલી છે.

૨. કાવ્યકૌસ્તુભ,ભા.૨,૧૮૮૫,પ્ર.૫; કવિતારૂપ હિંદુસ્તાનનો ઇતિહાસ, ૧૮૬૭, પ્ર.૬; "કવિતારૂપે ગુજરાતનો ઇતિહાસ",૧૮૭૨,પ્ર.૬; પ્ર.૭ ની કૃતિઓ: મોહનકાવ્ય,૧૮૭૧; ગરબાવળી,૧૮૮૧; વિદ્યાગુરૂગુણ, ૧૮૯૨; આર્યોદયની ઉત્કંઠા,૧૮૭૭; સ્વદેશહિતબોધક,૧૮૭૭; સ્વદેશકલ્યાણાર્થે અને સુધારણા પ્રીત્યર્થ ઉપદેશ પર કીર્તનો-? પ્ર.૮ની કૃતિઓ: ફેસાદે ફેબ્રવારી, ૧૮૭૫; મુંબઇના છેલ્લા હુલ્લડના ગરબા,૧૮૯૩; મુંબઇના હુલ્લડનો હેવાલ, ૧૮૯૩; મુંબઇનો મામલો,૧૮૯૩; મુસલમાન અને હિંદુ વચ્ચે મુંબઇમાં થએલું જબરૂં હુલડ," ૧૮૯૩; મુંબઇમાં હિંદૂ અને મુસલમાન વચ્ચે થયલાં તોફાનનું ગાયનરૂપી વર્ણન,૧૮૯૩; સુરતના હુલ્લડના ગરબા, ૧૮૭૮; સુરતના હુલડનો ગરબો- ? ભરૂચ પ્રદરશન ગરબાવલી, ૧૮૬૯; જાબુલી રૂસ્તમ કાવ્યસંગ્રહ,૧૮૬૯; લોર્ડ રિપનકાવ્યસંગ્રહ,૧૮૮૫; રિપનરંગ, ૧૮૮૫; કહાનકાવ્ય :૧૮૯૭:નાં ૧૮૯૩ના હુલ્લડ વિશેનાં ૨૧ જેટલાં કાવ્યોની અહીં પહેલીવાર ચર્ચા થઇ છે.

"કવિતારૂપ હિંદૂસ્તાનનો ઇતિહાસ", ૧૮૬૭ તથા"રિપનરંગ" ૧૮૮૫, વણનોંધાયેલી રહેલી નર્મદયુગની બે મહત્ત્વની કૃતિઓ છે.

અંગરેજ સ્તોત્ર, ૧૮૭૪; સ્વદેશાભિમાન, ૧૮૮૩; હિંદુસ્તાનના વાજબી-હક, ૧૮૯૩, :પ્ર. ૫: તથા દાદાભાઇ નવરોજીએ ગોંડલમાં આપેલા ભાષણની પુસ્તિકાનો અહીં પહેલીવાર ઉલ્લેખ થયો છે :પ્ર. ૮:

ઉપર્યુકત તથા અન્યકાવ્યકૃતિઓમાં વર્ણવાયેલી ઘટનાઓની "સોર્સ મટીરીઅલ", વો. ૧ તથા વો. ૨માં સાંપડતી માહિતીના પ્રકાશમાં પહેલીવાર અહીં ચર્ચા થયેલી છે.

3. ભારતમાંની બ્રિટિશસત્તાને પડકારે તો જ આપણા કવિએ રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટ કરી કહેવાય એવી માન્યતાને ભૂલભરેલી ગણી શકાય. પ્રજાહિતને કવિ કોઇપણ પ્રકારે લક્ષતો હોય તો એને રાષ્ટ્રીયઅસ્મિતાનું પ્રગટીકરણ ગણવું જોઇએ. ૧૯મી સદીના કવિને બ્રિટિશ રાજ્યઅમલ દેશ માટે આશીર્વાદરૂપ જણાતો હોય અને "હરખ હવે તું હિંદુસ્તાન" એમ એ ગાઇ ઉઠે તો એ રાષ્ટ્રીય અસ્મિતાની એક પ્રકારની અભિવ્યક્તિ જ છે. ૧૯મી સદીની ગુજરાતની તથા મોટાભાગની ભારતીય જનતા બ્રિટિશઅમલ પરત્વે એકંદરે અહોભાવ ધરાવતી હતી. એ સમૂહભાવનો કવિ પોતાની કવિતામાં જ્યારે પડઘો પાડે છે, ત્યારે એને પ્રજાસ્મિતાનો વિરોધી ગણવાને બદલે વાસ્તવમાં પ્રજાસ્મિતાનો પુરસ્કર્તા ગણવો રહયો. દલપતરામ જેવાની બ્રિટિશપરસ્તી :પ્રશંસા:માં પણ રાષ્ટહિત-ની જ્યાં પ્રામાણિક ઝંખના દેખાય છે ત્યાં એને રાષ્ટ્રીયઅસ્મિતાના આવિષ્કરણ રૂપે જોવી ન્યાય્ય ઠરશે. :પ્ર. ૧:

૧૯મી સદીની કવિતામાં અંગ્રેજ અમલ તરફનો દેખાતો પ્રશંસાભાવ ખુશામત-ની વૃત્તિમાંથી નહિ, પણ અંગ્રેજ અમલની આ દેશ વિશેની ઇષ્ટતા ને ઉપકારકતા વિશેની હૃદયની પ્રામાણિક માન્યતામાંથી એકંદરે જન્મ્યો હતો. :પ્ર. ૨:

૪. અંગ્રેજો સાથેના દલપતરામના મીઠા સંબંધોએ, વિશેષે ફોર્બ્સ સાથેના મૈત્રીસંબંધે, અંગ્રેજો પ્રત્યેના દલપતરામના દષ્ટિકોણનો ઝૂંણો બનાવવામાં ભાગ ભજવ્યો હોય તો આશ્ચર્ય નહિ. :પ્ર. 3:

પ્રજાજીવનનું નિયમન કરવા માટે ભારતદેશમાં જ મૂળ નાખીને વસેલો એક ઉદારચિત્ત, પ્રજાહિતચિંતક તથા ન્યાયી રાજા હોવો જોઇએ, પછી ભલે એ રાજા પરદેશી હોય, આપખુદશાહી ચલાવતો હોય: રાજ્યકર્તા વિશે ૧૯મી

: : = ( )

સદીના નર્મદ સમેતના બધા કવિઓ લગભગ આવો ખયાલ ધરાવે છે. વિક્ટોરિયા રાણીનો કોઇ વંશજ ભારતમાં રાજ્ય કરવા માટે કાયમ સારુ વસી જાય તો દેશમાં બધાં રૂડાં વાનાં થઇ જશે એવી મુગ્ધ પરંતુ વાસ્તવિકતા-વિમુખ શ્રધ્ધા એ કાળના કવિઓ ધરાવે છે. : પ્ર. ૩, ૫:

દલપતરામની લગભગ હરેક વિષય ઉપર લખાયેલી કવિતામાં રાષ્ટ્રહિતને અગ્રપદ આપવામાં આવ્યું છે. ગાંધીજીની આઝાદીની લડત પછી ~~આપણને~~ સાંપડેલી રાજકીયદ્રષ્ટિથી દલપતરામની ભારત તથા અંગ્રેજો પ્રત્યેની ભાવનાને મૂલવવામાં દલપતરામની વિશુધ્ધ દેશભક્તિને અન્યાય કરવા જેવું થાય છે. આમ છતાં, નોંધવું જોઇએ કે અંગ્રેજ અમલની મર્યાદાઓ દલપતરામે ચીંધી બતાવી છે. એમાં પ્રહારાત્મકતા, કટુતા કે આક્રોશ નથી એ કારણે તથા દલપતરામનો ઝોક અંગ્રેજ પ્રશંસાનો રહ્યો છે, વળી એમના નામ ઉપર અંગ્રેજ અમલના ખુશામદખોર એવું લેબલ લાગી ગયું છે એ કારણે; પ્રસ્તુત મુદ્દા તરફ આપણા વિવેચકોનું ધ્યાન જેટલું દોરાવું જોઇએ તેટલું દોરાયું નથી લાગતું. : પ્ર. ૩:

૧૯મી સદીમાં દેશનેતા માટે કવિઓનો આદર્શ હતો: "પ્રિયકર રાજા-પ્રજાતણા..." બ્રિટિશરાજ તથા ભારતીય પ્રજા વચ્ચે પાછળથી દેખાયો એવો વિરોધ ૧૯મી સદીના કવિઓને નથી જણાયો. દલપતરામ તથા એ ગાળાના અન્ય કવિઓ એમની કવિતામાં ઉપરના આદર્શને જીવવા મથતા જણાય છે. દલપતરામની કવિતાએ સંગીન લોકસેવા તથા લોકજાગૃતિનું કાર્ય બજાવેલું છે. : પ્ર. ૩:

હિંદના સમાજતંત્રનું બંધારણ એટલું તીવ્ર સ્વમાનશીલ કે સ્વતંત્રતાશીલ ભાગ્યે જ હતું કે જેથી એ પરાયા પરદેશીઓના રાજ્યઅમલને સ્વીકારી કે આવકારી ન શકે. : પ્ર. ૩:

૫. નર્મદને ક્વચિત્ આજના અર્થના શુધ્ધ રાજકીય સ્વાતંત્ર્યના આધ-પુરસ્કર્તા તરીકે આપણી સમક્ષ ધરવામાં આવે છે, તો વળી દલપતરામને અંગ્રેજ અમલના એક અંધ પ્રશંસક તરીકે ક્યારેક રજૂ કરવામાં આવે છે. આ બન્ને ચિત્રો ખોટાં છે. : પ્ર. ૪:

૧૮૭૦ પછીનો ઉત્તર નર્મદ જેમ ધર્મક્ષેત્રે રૂઢિચુસ્ત બની ગયો એમ રાજકીય-

ક્ષેત્રે પણ વધુ પ્રગતિવાદી બનવાને બદલે અંગ્રેજઅમલનો એકાંતિક પ્રશંસક બની ગયો હતો. ધર્મ અંગેના એના વિચારપરિવર્તન સાથે એની રાજકીયદૃષ્ટિનું પરિવર્તન સંકળાયેલું જણાય છે. :પ્ર. ૪:

નર્મદનું એના કવનના પૂર્વ તથા ઉત્તરકાળમાં અંગ્રેજ સલ્તનતની પ્રશંસા કરવાનું વલણ રહ્યું છે. એના કવનના મધ્યકાળમાં :ઇ.સ. ૧૮૫૯થી ૧૮૬૮: અંગ્રેજ અમલનો એ એક કડક સમીક્ષક રહ્યો છે. "નર્મકવિતા"માં અપાયેલા કૃતિઓના રચનાસમય ઉપરથી આ તારણ કાઢવામાં આવ્યું છે: પ્ર. ૪:

અંગ્રેજ સલ્તનતની સામે નર્મદે સીધું બંડ નહોતું પોકાર્યું. પરંતુ પરિણામ-દૃષ્ટિએ – એનાં કાવ્યોની જનસમાજ ઉપર થયેલી અસરની દૃષ્ટિએ એને "રીબેલ" કહી શકાય. એની કવિતાથી અખંડસ્વરૂપની પ્રજાકીય જાગૃતિ પેદા થઇ. :એ જાગૃતિ રાજકીયક્ષેત્રે પણ ફેલાઇ – પ્રજાકીય જાગૃતિ આખરે તો અખંડ સ્વરૂપની હોય છે. પ્રજાની સુપ્ત ચેતનાને ઢંઢોળીને જાગૃત કરવાનું તથા એને પ્રવૃત્તિમય બનાવવાનું કાર્ય નર્મદે દેશપ્રીતિના ઉછળતા આવેશવાળી એની કવિતા દ્વારા બજાવ્યું છે. :પ્ર. ૪:

ભૂતકાળ સામું જોઇને નિસાસા નાખવાને બદલે ઇહજીવનાભિમુખ દૃષ્ટિ-કોણ કેળવીને પ્રજા સમક્ષ પુરુષાર્થનું આવાહન મૂકતાં કાવ્યો રચવામાં નર્મદની કવિ તથા સ્વદેશભક્ત તરીકેની વિશેષતા જોઇ શકાય. :પ્ર. ૪:

૬. સંસારસુધારાકાળના કવિઓ "સ્વતંત્રતા" શબ્દ ઘણીવાર પ્રયોજે છે, પણ એમાંના ઘણાખરાને રાજકીય અર્થનું સ્વાતંત્ર્ય ત્યાં અભિપ્રેત નથી. અંગ્રેજ સરકાર પાસે વધુ ને વધુ છૂટો માગવી, હ. દ્વા. કાંટાવાળા કહે છે એમ, "જાગૃત થઇ આપણાં દુ:ખો જણાવવા ને વાજબી હકો મેળવવા માટે પ્રયત્નો કરવા" – સ્વતંત્રતાનો આવો અર્થ એમને અભિમત હતો. :પ્ર. ૬:

પ્રમાણમાં ઉદ્દામ વિચારસરણીવાળા ૧૯મી સદીના કેટલાક કવિઓ અંગ્રેજી અમલનો ખુલ્લો વિરોધ કડક ભાષામાં કરે છે, તો બીજી બાજુથી એ સત્યયુકત વિરોધની ઉત્કટ ધારને, અંગ્રેજ પ્રશસ્તિ વચ્ચે ક્વચિત્ કરી લઇને, વ્યવહારુતાનો ઓપ પણ ચઢાવી લે છે. હિંદને સ્વાતંત્ર્ય મળવું જોઇએ એવી પ્રસ્તુત કવિઓને હૈયે રમતી વાત, રાજદ્રોહીમાં ખપી જઇશું એ કારણે કદાચ, હોઠેથી કહેવાઇ નથી. :પ્ર. ૫:

૭. ૧૯મી સદીની ગુજરાતી કવિતાની રાષ્ટ્રીયતા પ્રધાનતયા હિંદુ રાષ્ટ્રીયતા છે. એમાં મુસ્લીમોનો ઝનૂનવાળો તિરસ્કાર અભિપ્રેત નથી. પરંતુ હિન્દુત્વ વિશેનું ગૌરવ તો ત્યાં અભિમત છે જ. ૧૯મી સદીની હિંદુ રાષ્ટ્રીયતા એ એકંદરે જોતાં ગુજરાતી કવિની હિંદીક્ષ રાષ્ટ્રીયતા છે. એ હિંદુ રાષ્ટ્રીયતા ખરી, પણ એમાં મુસ્લીમો સાથેના બંધુત્વનો નિષેધ નથી.

બિનસાંપ્રદાયિકતાના પ્રચલિત દૃષ્ટિકોણથી ભૂતકાળના કવિઓની હિંદુતાને મૂલવી શકાય નહિ. હિંદુ તથા મુસલમાનોના સંબંધોને ઐતિહાસિક સંજોગોના સંદર્ભમાં જોવા ઇષ્ટ હોઇને, ૧૯મી સદીના કવિઓના હિંદુત્વાભિમાન વિશે "આપણા એ કવિઓની દૃષ્ટિ પૂરેપૂરી "રાષ્ટ્રીય" નહોતી" – એવો ક્ષમાયાચક દૃષ્ટિકોણ વર્તમાનકાળમાં ધારણ કરવાની જરૂર નથી જણાતી. ૧૯મી સદીના ઉત્તરાર્ધની કવિતામાં દેખાતી હિંદુત્વનિષ્ઠાને ઐતિહાસિક સંજોગોના પરિપાકરૂપે જોતાં હિંદુતાનું પ્રસ્તુત વલણ ખૂબ સ્વાભાવિક જણાશે, એવો મત પૂરતા આધારો સાથે અહીં પહેલીવાર રજૂ કરાયો છે.

સંજાના નર્મદને સંકુચિત હિંદુત્વવાદી કહી બેસે છે. એ મત યથાર્થ જણાતો નથી. : પ્ર. ૪:

"હિંદુપણાની હાણ" દૂર કરવા માટે "મ્લેચ્છરિપુ માહરાજ શિવાજી" પ્રગટ્યા હોય એવું ૧૯મી સદીના ગુજરાતી કવિઓને ભાસ્યું છે. : પ્ર. ૬:

મુસલમાનો તથા મરાઠાઓના જુલમો સામેનો રોષ લગભગ બધા નર્મદયુગીન કવિઓએ વ્યક્ત કર્યો છે. એ કવિઓને જ્યાં જ્યાં એમ વસ્યું છે કે અમુક અમુક શાસકવર્ગે પ્રજાને સંતાપી છે ત્યાં ત્યાં એવા શાસકોનો કાન પકડવામાં એમણે કચાશ નથી રાખી, પછી એ શાસક મુસલમાન હોય કે મરાઠા હોય. એટલે અહીં મુખ્ય વાત સ્વધર્મ-પરધર્મ, હિંદુ-મુસલમાનને બદલે પ્રજાને રંજાડવા અંગેની બની જતી દેખાય છે. આ મુદ્દાને નર્મદયુગની કવિતામાંથી ઉદાહરણો આપીને પ્રસંગોપાત્ત સમર્થિત કરવામાં આવ્યો છે. : પ્ર. ૪, ૬, ૮, ૧૦:

હિંદુ-મુસ્લીમના ૧૮૯૩માં થયેલા હુલ્લડ ઉપરથી લાગે છે કે બંન્નેમાં રાજકીય-ધાર્મિક જાગૃતિ આવેલી, પોતપોતાના ભૂતકાળનું ગૌરવ બન્ને કરતા હતા, પરંતુ બન્ને નિકટ આવવાને બદલે ભાવદૃષ્ટિએ વધુ ને વધુ દૂર ફેંકાતા જતા હતા. : પ્ર. ૮:

૨૦મી સદીની પંડિતયુગની કવિતામાં તથા એ પછીની ગાંધીયુગની કવિતામાં ૧૯મી સદીની ગુજરાતી કવિતાની જેમ"હિંદુપણા"નો આગ્રહ નથી રખાતો, પરંતુ "હિંદીપણા"નો આગ્રહ રખાતો હોય એવું જોવા મળે છે.

૮. સંસારસુધારાકાળની કવિતા કરતાં પંડિતયુગની કવિતામાં નિરૂપણની સુઘડતા ને શિષ્ટતા વિશેષ જણાય છે. એ સિવાય, ૧૯મી સદીની પંડિતયુગની કવિતા રાષ્ટ્રીય અસ્મિતાના પ્રગટીકરણમાં સંસારસુધારાકાળની કવિતાથી તત્ત્વતઃ જુદી નથી પડતી. :પ્ર. ૯:

બંગભંગના કાળમાં તથા ગાંધીજીના ભારતના રાજકીય ક્ષેત્રે થયેલા સક્રિય આગમન પૂર્વેના સમયમાં રાષ્ટ્રીય અસ્મિતાની કવિતાનું વહેણ મંદ વહેતું દેખાય છે. ૧૯મી સદીમાં એ કવિતાનો પ્રવાહ પ્રબળ વહેતો જણાય છે, પરંતુ વીસમી સદીના પહેલા બે દસકાઓમાં એ પ્રવાહ વેગવંત રીતે વહેતો જણાતો નથી. :પ્ર. ૯:

આમ છતાં, વીસમી સદીની આરંભકાલીન કવિતામાં દેશવાસીઓની સ્વશક્તિ વિશેની જાગૃત થતી જતી સભાનતા પ્રગટ થતી દેખાય છે. :પ્ર. ૧૨:

૯. અંગ્રેજોએ બક્ષેલા સુદૃઢ રાજ્યતંત્રની અનિવાર્યતા નર્મદ તથા પંડિતયુગના કવિઓને એટલી તીવ્રપણે સમજાઇ હતી કે અંગ્રેજોનું ૠણ સ્વીકારીને એમની પ્રશંસા કર્યા સિવાય ચાલે એમ નહોતું. આવી પરિસ્થિતિમાં, ક્લાન્ત કવિએ અંગ્રેજપ્રશસ્તિનાં લખેલાં બે કાવ્યોને ઉમાશંકર ઓળખાવે છે એ રીતે "દુર્દમ્ય સ્વાતંત્ર્યપ્રીતિ"યુક્ત કાવ્યો તરીકે ઓળખાવી શકાય એમ નથી, તો બીજી બાજુથી, સંજાના પ્રસ્તુત કાવ્યોને "ભારોભાર ભાટાઇવાળી" કૃતિઓ તરીકે ઓળખાવે છે એ રીતે પણ ઓળખાવી શકાય એમ નથી.

"પરમ પિતાની વિસ્તીર્ણ માનવપ્રજાનાં જીવનતત્ત્વોની આગળ" દેશાભિમાનનો વિષય સંકુચિત ગણાય, એ નરસિંહરાવના મતમાં તથ્ય રહેલું છે. વળી, કવિની કવિતામાં જ પ્રજાની "સ્પીચ" અને "સેન્સીબિલિટી" સ્પર્શવાનો તાત્ત્વિક ગુણ હોય, કવિ પોતાના કાવ્યસર્જનને ઉત્તમતાની કક્ષાએ લઇ જવા સતત મથતો હોય, તો રાષ્ટ્ર પ્રત્યેની એ એની મોટી સેવા જ છે. કાવ્યત્વની ઉપાસના એ જ કવિનો કવિ-ધર્મ, એમ આપણે સ્વીકારીએ - એમાં રાષ્ટ્ર-

ભક્તિ

આનુષંગિક મુદ્દારૂપે સમાઇ જતી હોય તો ભલે સમાતી- તો પછી, કાન્તિનાં ગીતો કવિએ ગાયાં છે કે નથી ગાયાં, એ ગૌણ મુદ્દો બની રહે છે. : પ્ર. ૯:

૧૦. હ. હ. ધ્રુવની કવિતામાં ઉદ્દામ અને મવાળ બન્ને પ્રકારના માનસની ઝલક જોવા મળે છે, એ અહીં પહેલીવાર ઉદાહરણો સાથે કહેવાયું છે. એમની કવિતામાં પ્રગટ થતા ઉત્સાહ જોમ તથા ઉદારદિલીને કારણે એ રાષ્ટ્રપ્રેમના પ્રગટીકરણમાં પણ ઠાવકી મુદ્રા ધરાવતી પંડિતયુગની કવિતાથી અલગ તરી આવે છે. ગાંધીયુગનો કવિ લખતો હોય એવી અંતરતનતાથી દીનજનોનાં દુઃખો વિશે હ. હ. ધ્રુવે લખ્યું છે. : પ્ર. ૧૦:

કુટુંબભાવ સાથે દેશપ્રીતિને સહજ રીતે ગૂંથી દેવાની લલિતની એક આગવી વિશેષતા છે. કુટુંબવત્સલતાના એક વિશાળ સ્વરૂપ તરીકે દેશપ્રીતિને લલિતે જોયેલી છે. : પ્ર. ૧૨:

૧૧. મોહક કવિત્વશક્તિ અને અભિજાત રાષ્ટ્રપ્રીતિનો જેવો સમન્વય ન્હાનાલાલમાં થયો છે તેવો કદાચ ગુજરાતી કવિતામાં અન્યત્ર ક્યાંય થયો નથી. દેશભક્તિના વિષયને પ્રાસંગિકતાના સ્તર ઉપરથી ઉંચકીને ચિરંતનતાના સ્તર ઉપર મૂકી શકવાની કવિપ્રતિભા ન્હાનાલાલ પાસે છે.

ન્હાનાલાલનાં આરંભકાલીન કાવ્યોમાં બ્રિટિશરાજ તરફનો કવિનો સદ્ભાવ વ્યક્ત થાય છે. પણ એમાં કવિનો આજીજી કરવાનો કે રાજકર્તાને રાજી કરીને રીઝવવાનો મનોભાવ દેખાતો નથી... ન્હાનાલાલની રાષ્ટ્રીય અસ્મિતાનાં બે સ્વરૂપો છે: એક રાષ્ટ્રીય તથા બીજું આંતરરાષ્ટ્રીય. જેમ કવિની ગુજરાતપ્રીતિ કવિના રાષ્ટ્રીયભાવને, તેમ કવિનો રાષ્ટ્રીયભાવ એમના આંતરરાષ્ટ્રીયભાવને છાવરી દેતો નથી, પણ પરિપુષ્ટ કરે છે. રાષ્ટ્રીયજીવનનો આતરરાષ્ટ્રીયજીવન સાથે અભેદ સર્જાવો જોઇએ એમ વીસમી સદીના પ્રારંભમાં જ કવિની આર્ષદૃષ્ટિએ સમજાઇ ચૂક્યું હતું. : પ્ર. ૧૧:

૧૨. પંડિતયુગના વિભિન્ન પ્રતિભા ધરાવતા બે કવિઓ - ન્હાનાલાલ તથા ઠાકોરની કવિતામાં વિચારસરણીનું કેટલુંક સામ્ય દેખાય છે. બન્નેની દૃષ્ટિ દેશની સીમાઓમાં જ પરિબદ્ધ નથી રહેતી. સમસ્ત માનવસંસ્કૃતિ વિશે બન્ને ચિંતિત રહે છે. જોકે, ઠાકોર કરતાં ન્હાનાલાલની

આંતરરાષ્ટ્રીય દૃષ્ટિ ખૂબ વહેલી વિકસેલી. ન્હાનાલાલનું એ વિષયક દૃષ્ટિફલક પણ ઠાકોર કરતાં વધારે વિશાળ. બન્નેને આર્યસંસ્કૃતિના ભૂતકાળનું સાત્ત્વિક ગૌરવ છે. ન્હાનાલાલની આર્યાવર્ત વિશેની દૃષ્ટિ, જોકે, લાગણીમંડિત વિશેષ જણાય છે, જ્યારે ઠાકોરના દૃષ્ટિકોણમાં બુદ્ધિનિષ્ઠા વિશેષ જણાય છે. ભારતની વર્તમાનકાલીન મર્યાદાઓને સંશોધીને ભૂતકાળના ગૌરવને પુન:સ્થાપિત કરવાનો આકરો પુરુષાર્થ કરવાનું જે ઉદ્બોધન ઠાકોરમાં દેખાય છે તે ન્હાનાલાલમાં નથી. બીજી બાજુથી, ન્હાનાલાલમાં ભારતની આઝાદી વિશે જે પારગામી દીર્ઘદૃષ્ટિ દેખાય છે તે ઠાકોરમાં નથી. ભારતની આઝાદી વિશેની ઠાકોરની દૃષ્ટિ ભૂત તથા વર્તમાનને વળગતી લાગે છે, જ્યારે ન્હાનાલાલની દૃષ્ટિ ભવિષ્યને સ્પર્શતી જણાય છે. ન્હાનાલાલ તથા ઠાકોરની કવિતાની આ પ્રકારની તુલનાત્મક સમીક્ષા અહીં પહેલીવાર થયેલી છે. :પ્ર.૧૧:

ઠાકોર સ્વબુદ્ધિનિષ્ઠ એટલા બધા કે સમૂહબુદ્ધિથી જુદા પડવામાં જ કૃતાર્થ થતા. આ સ્વબુદ્ધિનિષ્ઠા તથા ગતાનુગતિકતાથી ઉફરા ચાલ્યા જવાનું વલણ એમને "આંધળી ગાંડી ગુજરાત" જેવું કાવ્ય તથા એવો નિબંધ લખવા પ્રેરે છે.

૧૩. કવિ ખબરદારની દેશભક્તિનું વહેણ પલટતું ને સતત વિકસતું રહ્યું છે. આરંભમાં ભારતની દીનદશા વિશે કરુણરસયુક્ત દુ:ખોદ્ગાર કાઢનાર કવિએ પાછળથી એ જ દશા વિશે વીરરસસભર ટંકાર કરેલો છે...ખબરદારની દેશપ્રીતિની કવિતામાં ક્યારેક ઊર્મિની ઔપચારિકતા જણાય છે. જમાનાની માગને કારણે એ લખાઇ હોય એવો પણ ક્યારેક વહેમ પડે છે. :પ્ર.૧૨:

વીસમી સદીની કવિતામાં આરંભમાં જ દેખાતા હિંદીપણાના ભાવ માટે ૧૮૮૫માં સ્થપાયેલી કોંગ્રેસની અસરને કારણભૂત ગણી શકાય. ગાંધીજીના હિંદઆગમન પૂર્વેજ હિંદીપણાની ભાવના ગુજરાતી કવિતામાં સ્થિર થઇ ચૂકી હતી. :પ્ર.૧૨:

૧૪. ગાંધીયુગની કવિતા વાંચતાં એવી છાપ પડે છે કે બ્રિટિશ સરકાર સમક્ષ "પ્રેયર્સ-પીટીશન્સ" કરવાનો યુગ હવે પૂરો થયો હતો અને સ્વશક્તિનિર્ભર બનીને સમૂહલડતો દ્વારા બ્રિટિશ સરકારને આહ્વાન

ફેંકવાનો યુગ હવે આવી ગયો હતો. આત્મશ્રધ્ધા, ખુમારી, શૌર્ય, ઉત્સાહ, જોમ થનગનાટ ઇ. યૌવનસહજ ગુણોની ઉપાસના આ ગાળાની કવિતા કરતી દેખાય છે. એક બાજુથી આ ગાળાના કવિઓને ગાંધીવાદમાં શ્રધ્ધા છે તો બીજી બાજુથી "વિપ્લવના ઢોલડા ધડુકો" એવી સમાજવાદી ક્રાંતિની ઘોષણા કરવાનો તનમનાટ છે. આ બેમાંથી ગમે તે સ્વરૂપે ગાંધીયુગના કવિનો પરાક્રમભાવ પ્રગટ થયા કરે છે. આ પરાક્રમભાવને એમની રાષ્ટ્રીયઅસ્મિતાનું એક આવિષ્કરણ ગણી શકાય. :પ્ર. ૧૩:

આક્રમણનો પ્રતિકાર કરવાની વૃત્તિ જ્યાં દેખાય છે ત્યાં રાષ્ટ્રીય અસ્મિતાનું દર્શન કરી શકાય. ગાંધીયુગની કવિતામાં પ્રગટેલાં સાહસો ન્મુખતા, શૌર્ય, ઝિંદાદિલી ઇ. ભાવોને રાષ્ટ્રજીવનમાં આવેલી નવશકિતના સ્ફુરણરૂપે જોઇ શકાય. :પ્ર. ૧૩:

ગુજરાતી કવિતાના સો વર્ષના પટમાં પથરાયેલા ભૂત-વર્તમાન વચ્ચેના વૈષમ્ય તથા ઉજ્જવળ ભાવિ વિશેની શ્રધ્ધાના નિરૂપણને સાથેલાગું જોઇએ છીએ ત્યારે એમાંથી ભારે એકસૂરીલાપણાની છાપ ઉઠયા સિવાય રહેતી નથી. :પ્ર. ૧૪:

૧૫. દેશ તરફ ઊંડી પ્રીતિ અનુભવવી અને દેશ તરફના એ ઉત્કટ . સમભાવની ઉષ્મા જળવાઇ રહે એવું એનું સમતોલ સમ્યક્ નિરૂપણ કરવું, શોષિતો તરફ તીવ્ર સહાનુભૂતિ અનુભવવી અને શોષકો તરફ રોષ, છતાં એ ભાવના નિરૂપણમાં દંશવિહીન તટસ્થતા જાળવવાનું દુષ્કર કાર્ય સુન્દરમે બજાવેલું છે.

ગાંધીયુગમહેલાંનો ક્વચિત્ રોતલ દેખાતો રાષ્ટ્રપ્રેમ હવે દેખાતો નથી. ગાંધીયુગની કવિતામાં સંભળાય છે મર્દાનગીનાં જગગાણાં. ગાંધીયુગ પહેલાંના કવિઓ અંગ્રેજ અમલ વિશે અવઢવમાં હતા. હવે એ અવઢવને સ્થાને પૂર્ણસ્વરાજ્ય-નું પ્રજાકીય પુરુષાર્થને આવાહન આપતું સુનિશ્ચિત ધ્યેય કવિઓ સમક્ષ દેખાય છે. આર્યાવર્તના અતીતનું ગૌરવ ગાંધીયુગના કવિઓ અનુભવે છે, પણ એ બાપના કૂવામાં ડૂબી મરવાની નહિ પણ તરવાની એમની આકાંક્ષા છે. :પ્ર. ૧૪:

૧૬. વીસમી સદીમાં ખબરદાર તથા મેઘાણીની સ્વદેશભક્તિની માળા જેવી પૂજાલાલને કંઠે ઊતરી છે તેવી અન્ય કોઇ કવિને કંઠે કદાચ ઊતરી નથી. પૂજાલાલે મુખ્યત્વે ગાંધીયુગના સમયગાળામાં સર્જન કર્યું છે. પરંતુ રાષ્ટ્રપ્રીતિનાં કાવ્યોના લેખનમાં પૂજાલાલ ગાંધીજીના દર્શનથી નહિ, પણ શ્રી અરવિંદના દર્શનથી પ્રભાવિત થયેલા છે, એવું ઉદાહરણો સાથે અહીં પહેલીવાર કહેવાયું છે. :પ્ર. ૧૫:

અર્વાચીન ગુજરાતી કવિતામાં થયેલી ભારતપ્રશસ્તિઓ વિશે વિચાર કરતી વેળાએ લાગે છે કે ગુજરાતના કવિઓએ રાષ્ટ્રને એક સંકલ્પશક્તિવાળા સચેતનતત્ત્વરૂપે નિહાળેલ છે. :પ્ર. ૧૫:

૧૭. રંગભૂમિનાં ગીતોની લગભગ અઢીસો જેટલી સામાન્યરીતે અપ્રાપ્ય ઓપેરાબૂકોમાંથી ચાળીસેક ઓપેરાબૂકોનાં દેશભક્તિનાં ગીતોનું અહીં પહેલીવાર વિવરણ -વિવેચન થયેલું છે. જૂનામાં જૂની ઓપેરાબૂક ૧૯૦૧ની સાલની મળી આવી છે. :પ્રરિશિષ્ટ ૧:

"દેશભક્તિનાં કાવ્યો" :૧૯૦૫: થી આરંભીને સ્વાતંત્ર્યના આગમન સુધીના ગાળામાં દેશભક્તિનાં કાવ્યોના સંખ્યાબંધ સંગ્રહો બહાર પડયા છે. એ સંગ્રહોને સાંકળી લઇને અહીં પહેલીવાર ચર્ચા થયેલી છે. કાવ્યત્વની દૃષ્ટિએ રંગભૂમિનાં તથા પ્રસ્તુત સંગ્રહોમાંનાં ઘણાં ગીતો સામાન્ય લાગે, પરંતુ જનહૃદયને આંદોલિત કરી સ્વાતંત્ર્યની લડતમાં જોમજુસ્સો પૂરવાની દૃષ્ટિએ એ ગીતોનું મૂલ્ય ઊંચું આંકી શકાય.

૧૮. "શેઠ મોહનજી કરમચંદ ગાંધી :આફ્રિકા-જોહન્સબર્ગવાસી": ને પહેલીવાર જો કોઇ પુસ્તક અર્પણ થયું હોય તો એ "હીંદની હાલત" :૧૯૦૪: છે. ગાંધીયુગના શિષ્ટકવિઓમાં ગાંધીજીને સર્વપ્રથમ કાવ્યવિષય બનાવનાર સ્નેહરશ્મિ છે, એવું અહીં પહેલીવાર નોંધાયું છે. કાવ્યગ્રંથમાં ૧૯૦૪માં થયેલા ગાંધીજીના ઉલ્લેખથી માંડીને ૧૯૬૧ સુધી ગાંધીજી વિશે રચાયેલાં કાવ્યોને સળંગસૂત્રમાં પરોવીને અહીં ચર્ચા કરેલી છે. ગાંધીજી વિશે તથા દલિતો વિશે કાવ્ય રચવાનો લગભગ એકવિધ લાગે એવો ઢાંચો ગાંધીયુગની કવિતામાં તૈયાર થઇ ગયેલો દેખાય છે. :પ્ર. ૧૬:

૧૯. પ્રજાનાં દુ:ખદર્દોને તથા પ્રજાકલ્યાણને કવિ જ્યારે લક્ષમાં લે છે

ત્યારે એ રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રગટીકરણ કરતો હોય છે. એ રીતે, દીન-જનવાત્સલ્ય અંગેનાં કાવ્યોમાં કવિની પ્રજાસ્મિતાનું દર્શન કરી શકાય. દલિતપ્રેમનાં કાવ્યો ગાંધીયુગના કવિના લડાયક મિજાજના રાષ્ટ્રવાદના એક આવિષ્કરણ સમાં લાગે છે. જીવનમાં આવેલ કર્મણ્યતા, પરાક્રમભાવ, અન્યાયપ્રતિકારવૃત્તિ, ઇ. ને કારણે દીનદલિતોના જીવનની નિશ્ચેષ્ટતા-જીવનમાત્રની નિશ્ચેષ્ટતા કવિને કઠે, એને નેસ્તનાબૂદ કરવાનો સંકલ્પ બંધાય તે સ્વાભાવિક છે. :પ્ર.૧૬:

૨૦. કવિ જ્યારે ગુજરાતના પ્રકૃતિસૌંદર્યને, ગુજરાતના જનજીવનની મોહકતાને, એના કુટુંબજીવનની માધુરીને, તથા એના ઐતિહાસિક વૈભવ અને વારસાને નિહાળીને રાચી ઉઠતો હોય તથા એ ભાવનું કાવ્યક્ષમ ઉચ્ચારણ કરતો હોય ત્યારે પ્રકારાંતરે એની રાષ્ટ્રીયઅસ્મિતાને જ આવિર્ભૂત કરી રહ્યો હોય છે, એમ સમજવું જોઇએ.

પંડિતયુગમાં, વિશેષે ગાંધીયુગમાં તંદુરસ્ત પ્રાદેશિકભક્તિનું આપણા કવિઓનું વલણ પરિપુષ્ટ થતું દેખાય છે.

હરગોવિંદદાસ કાંટાવાળા, ભવાનીશંકર, નીલકંઠ જીવતરામ જેવા નર્મદયુગના કવિઓએ ગુજરાત વિશે પોતાનાં કાવ્યોમાં કરેલા ઉલ્લેખોની અહીં પહેલીવાર નોંધ લેવાઇ છે. સૂરતમાં નરમ અને ગરમ પક્ષોની અથડામણને કારણે પ્રખ્યાત બનેલી કોંગ્રેસની બેઠક મળી એ પહેલાં ડિસે. ૨૨, ૧૯૦૭ના "વંદે માતરમ્"ના તંત્રીલેખમાં શ્રી અરવિંદે કરેલી ગુજરાતપ્રશંસાનો ગુજરાત-પ્રીતિનાં કાવ્યો વિશેની ચર્ચાના સંદર્ભમાં પહેલીવાર વિનિયોગ થયેલો છે. :પ્ર. ૧૭:

<u>નોંધ</u>: કોઇ સળંગ પ્રકરણની સમગ્ર ચર્ચામાંથી શું નવું કહ્યું છે અથવા તો શું નવી રીતે કહ્યું છે તે ઉતરડી કાઢવાનું કામ મુશ્કેલ છે. એટલે, ઉપર્યુક્ત મુદ્દાઓને એ દિશા પ્રત્યેનાં કેટલાંક ઈંગિતોમાત્ર જ ગણી શકાય.

=======